બિપરજોય વાવાઝોડા સમયે ઘોરાડ પક્ષીઓની સુરક્ષા

*15/3/425 : શ્રી અમૃતજી ઠાકોર (કાંકરેજ) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | જૂન-૨૦૨૩માં કચ્છમાં આવેલ બિપરજોય વાવાઝોડાથી ઈન્ડિયન બસ્ટાર્ડ (ઘોરાડ) પક્ષીઓને સુરક્ષિત રાખવા શા પગલાં લેવામાં આવેલ હતા, | (૧) | બિપરજોય વાવાઝોડા સામે અગમચેતીનાં ભાગરૂપે ગ્રેટ ઈન્ડીયન બસ્ટાર્ડ (ઘોરાડ) ને સુરક્ષિત રાખવા માટે વન વિભાગના કર્મચારીઓની ટીમ બનાવેલ, તેમજ ગ્રેટ ઈન્ડીયન બસ્ટાર્ડ (ઘોરાડ) પક્ષી વ્યથિત અવસ્થામાં જણાય તો તેની જાણ વન વિભાગને કરે તેવી સુચના સ્થાનિક ગામ લોકોને આપવામાં આવેલ. વાવાઝોડા પછી ઉક્ત ટીમ દ્વારા ગ્રેટ ઈન્ડીયન બસ્ટાર્ડ (ઘોરાડ) ના હલનચલન વિસ્તારને યોગ્ય રીતે સ્કેન કરવામાં આવેલ હતો. |
| (૨) | તા. ૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં ઘોરાડ પક્ષીની સંખ્યા કેટલી છે, અને | (૨) | (see table below) |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પક્ષીઓની સંખ્યામાં વધારો થાય તે માટે શા પગલાં લીધાં? | (૩) | ઘોરાડ પક્ષીના સંરક્ષણ માટે સને ૨૦૨૧ થી મેનેજમેન્ટ પ્લાન અમલમાં મુકવામાં આવેલ છે.<br>૧. જે અંતર્ગત સંબંધિત વિસ્તારમાં નડતરરૂપ ઝાડી ઝાંખરા (ગાંડો બાવળ) દૂર કરી, ચેઈનલીંક ફેન્સીંગથી સુરક્ષિત કરવામાં આવેલ છે.<br>૨. આર્ટીફીશીયલ પાણીના કુલ-૬ વોટર શોસર પોઈન્ટ બનાવવામાં આવેલ છે.<br>૩. અભયારણ્ય વિસ્તારની આજુબાજુનાં વિસ્તારમાં કુતરાઓના ખસીકરણની કામગીરી કરવામાં આવેલ છે.<br>૪. સ્થાનિક ગામ લોકોને ઘોરાડ વિશે સમજ આપવા કુલ-૩૬ જનજાગૃતિના કાર્યક્રમો તેમજ ખેડુત શિબિરો કરવામાં આવેલ છે.<br>પ.સ્ટાફ દ્વારા દિવસ તેમજ રાત્રી દરમ્યાન સઘન ફેરણું કરવામાં આવે છે. |

Answer (૨):

| વર્ષ | સંખ્યા |
|---|---|
| તા.૦૧/૦૮/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૨ | ૪ |
| તા.૦૧/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૦૭/૨૦૨૩ | ૪ |